શિક્ષિત બનો સંગઠિત બનો સંઘર્ષ કરો

# શ્રી બાવન પરગણા રોહિત સમાજ પંચનું બંધારણ



સંવત - ૨૦૭૫ સને - ૨૦૧૯

વિક્રમ સંવત ૨૦૭૫ ના વૈશાખ વદ - ૧૩ ને શનિવાર તા. ૧-૬-૨૦૧૯ ના રોજ મુ. ઘડી, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા ના ઘડી ગામની વસ્તી પંચ તેમજ શ્રીમતી માણેકબેન બાબુલાલ મેસરિયા અને શ્રી બાબુલાલ કોદરભાઈ મેસરિયા ના નિવાસ સ્થાને શ્રી બાવન પરગણા રોહિત સમાજ પંચ મળીને સુધારા વધારા સાથેનું નવું બંધારણ ઘડ્યુ છે અને તે સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

લિ. શ્રી બાવન પરગણા રોહિત સમાજ જ્ઞાતિ પંચ

સ્થળ : રોહિત વાસ, મુ. ઘડી, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા

॥ જય ભીમ ॥ ॥ જય બુધ્ધ ॥



"હું મારા પદ દલિત યુવકોને એક પ્રશ્ન પુછવા માગું છું
કે તમે લોકો પદવી પ્રાપ્ત કર્યા પછી સમાજ માટે શું કરશો ?
જે સમાજમાં તમારો જન્મ થયો છે, તે સમાજની પરિસ્થિતિ શું છે ?
તે તરફ આપણે ધ્યાન રાખવું જોઈએ, આપણા સમાજની સેવા
બીજું કોઈ કરવાનું નથી. આ કામ કેવળ મારું તેમજ તમારું છે.
આપણા ઉધ્ધારનું કાર્ય આપણે પોતે જ કરવું પડશે.
એને પૂર્ણ કરવા માટે આપણે દ્રઢ સંકલ્પ કરવાનો છે.
જગતમાં જે કાંઈ ઉથલ-પાથલ થાય છે તે માનવ દ્વારા જ થતી હોય છે
આ એક હકીકત છે તમારો ઉધ્ધાર કરવા કોઈ આવવાનું નથી.
તમારો ઉધ્ધાર તમારે જાતે જ કરવાનો છે.

**પૂ. બોધિસત્વ ડૉ. બાબા સાહેબ આંબેડકર**

જો ખરેખર તમે સમાજનું કલ્યાણ ઈચ્છતા હોય, તો વ્યક્તિગત હિતને મહત્વ ન આપશો.

જય ભીમ



જય રામદેવ પીર



જય સંત રોહિદાસ બાપુ



## પ્રસ્તાવના

શ્રી બાવન પરગણા રોહિત સમાજ ઘણા વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે. સમાજનું પધ્ધતિસરનું લેખિત બંધારણ સર્વ પ્રથમ ૧૯૪૧ ના વર્ષમાં પ્રાંતિજ ખાતે બાંધવામાં આવેલ. ત્યાર પછી સમયાંતરે તેની સમીક્ષા કરી જરૂરી સુધારા - વધારા કરવામાં આવેલ. બંધારણની છેલ્લી સમીક્ષા સને ૨૦૧૧ ના વર્ષમાં રોહિત વાસ, પ્રાંતિજ ખાતે કરવામાં આવેલ - વિતી ગયેલા વર્ષોમાં બંધારણમાં જે ક્ષતિઓ હતી, તથા ભૂતકાળમાં તેમજ વર્તમાનમાં જે બનાવો બનેલા તે માટે બાવન પરગણા રોહિત સમાજે સુધારણા માટે કમિટીની નિમણૂક કરેલ. કમિટીના સભ્યો તથા સમાજના આગેવાનોના લેખીત તથા મૌખિક નિવેદનો લઇ ખૂબ ઊંડાણપૂર્વક ચર્ચા - વિચારણા કરીને બંધારણને સર્વાનુમતે ઘડી મુકામે પસાર કરવામાં આવ્યું છે. જેનો અમલ તા. ૦૧-૦૬-૨૦૧૯થી કરવાનો રહેશે.

શ્રી બાવન પરગણા રોહિત સમાજ તથા બાવન પરગણા રોહિત સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ એક વટવૃક્ષની જેમ ઉભુ રહી સમાજ માટે સમાજ કલ્યાણ તથા હિત માટેના કાર્યો કરે છે. સમાજ દ્વારા સમૂહલગ્ન સમિતિ સમૂહલગ્નોનું આયોજન કરી સમાજના દરેક વર્ગને મદદરૂપ બને છે તથા સમૂહલગ્નો સતત ચાલુ રહે તેવા પ્રયાસો કરે છે. ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના આર્થિક પછાત વિદ્યાર્થીઓને નોટબુક / ચોપડા વિનામૂલ્યે અથવા નજીવી કિંમતે પૂરા પાડવામાં આવે છે. સમાજમાં શિક્ષણનું સ્તર ઊંચુ લાવવા માટે સમાજના આગેવાનો, બુદ્ધિજીવી, શિક્ષિત વર્ગ ગામે ગામ શિક્ષણના ફેલાવા માટેના પ્રયત્નો કરે છે. શિક્ષણરૂપી અજવાળા ગામે ગામ પથરાય તેવા પ્રયાસો સમાજને શિક્ષિત બનાવશે એવી અપેક્ષા સમાજના હિતેચ્છુઓ રાખી રહ્યાં છે.

બંધારણ એ બાબા સાહેબની ધરોહર છે, કોઇપણ બંધારણ હોય, દેશનું હોય કે સમાજનું દરેક વ્યક્તિની નૈતિક જવાબદારી બને છે કે બંધારણનો અમલ કરવો અને કરાવવો. આ નવિન બંધારણનો ચુસ્તપણે અમલ થાય, સામાજિક વ્યવસ્થા સંપૂર્ણ જળવાઇ રહે અને સમાજનો સર્વાંગી વિકાસ થાય તેવી અપેક્ષા સાથે.....

– શ્રી બાવન પરગણા રોહિત સમાજ પંચ

## ● લગ્ન ●

**ઠરાવ નં. ૬ :** કન્યા પક્ષ તરફથી વર પક્ષને ત્યાં વર તેડવા વરઘોડીયા મોકલવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૬/૧ :** લગ્નમાં જાનની સંખ્યા ૧૦૦ માણસોથી વધારે લઇ જવા નહીં. (બ્રાહ્મણ / વરરાજા સિવાય) ૧૦૦ થી વધુ માણસો લઇ ગયેલ હોય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ ૧૦૦/- રૂપિયા તેજ સમયે લેવામાં આવશે.

**ઠરાવ નં. ૬/૨ :** જાન કન્યા પક્ષને ત્યાં સવારે ૧૨ વાગ્યા સુધીમાં પહોંચી જવી જોઇએ. કોઇ આકસ્મિક કારણો સિવાય જાન મોડી આવે તો ૧૦૦૦/- રૂપિયા દંડ સામાજિક વિકાસ ફાળા તરીકે સ્થળ ઉપર જ લેવામાં આવશે. જાનની વિદાય છેલ્લામાં છેલ્લે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કરી દેવી.

**ઠરાવ નં. ૭ :** કન્યાપક્ષને ત્યાં જાન આવે ત્યારે વરને સીધા ઉતારે લઇ જઇ જાનને જમાડી લેવી, ત્યારબાદ માંડવે તોરણ બાંધી વરરાજાને વધાવી લેવા અને રૂપિયા ૧/- ચાલ્લાનો આપવો. ત્યારપછી ચોરીની વિધિ પૂર્ણ કરાવવી. ચોરી પત્યા પછી ચોરીમાંથી વરરાજાને સીધા ઉતારે લઇ જવા. કન્યાને ઉતારે લઇ જવી નહીં.

**ઠરાવ નં. ૭/૧ :** જાન આવ્યા પછી સ્વાગત માટે અપાતા ઠંડા પીણાં, ચા-કોફી બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૮ :** લગ્નનું દાપું આણા સાથે રૂપિયા ૩૦૫૨/- (ત્રણ હજાર બાવન) ઠરાવવામાં આવેલ છે. જે એક સાથે ભાણે ભરી દેવું. દાપા ઉપરાંત સગા કાકા, મામા, માસી, ફોઇ અને બહેનોને કોઇપણ જાતના વ્યવહાર કરવા નહીં. મહારાજની દક્ષિણા રૂપિયા ૫૦૦/- (પાંચસો પુરા) વરપક્ષ તરફથી લેવા.

**ઠરાવ નં. ૯ :** લગ્ન પ્રસંગે અપાતી ભેટ-સોગાદો, ઘરવખરી, ફર્નિચર વગેરે ચીજ વસ્તુઓ આપવી નહીં. તેના બદલે રોકડ રકમ કે બોન્ડ આપવા.

**ઠરાવ નં. ૯/૧ :** વરપક્ષ અને કન્યાપક્ષ બંને તરફથી મેરામણી ના ૧૦૦-૧૦૦ રૂપિયા બંને મેરામણીવાળાને આપવા. આ ઉપરાંત કોઇ વધારાની લેવડ દેવડ કરવી કે કરાવવી નહીં.

**ઠરાવ નં. ૯/૨ :** સામાજિક વિકાસ ફાળો / મકાન વિકાસ ફાળો અનુક્રમે ૫૦૦/- - ૫૦૦/- રૂપિયા વરપક્ષ અને કન્યા પક્ષ તરફથી લેવા. જે ગામ આગેવાન પાસે જમા કરાવી તાત્કાલિક પહોંચ મેળવી લેવી.

**ઠરાવ નં. ૧૦ :** લગ્નનું વળતર :- કાંસાનું ભાણું, તાંબાનું બેડું, તાંબાનો લોટો, બાજઠ અને બાબાસાહેબનો ફોટો કે મૂર્તિ આપવી તથા વેવાઇને ધોતીના રૂપિયા ૫૧/- આપવા, આ સિવાય અન્ય કોઇ વ્યવહાર કરવો નહિં.

**ઠરાવ નં. ૧૦/૧ :** દિકરી તથા દિકરાના લગ્ન પ્રસંગે લેવામાં આવતું મોસાળપક્ષ નું મામેરૂં લગ્નની આગલી રાત્રે ફરજિયાત લઇ લેવું.

**ઠરાવ નં. ૧૧ :** લગ્ન અને આણાનું દાપું ભેગું એક સાથે લેવામાં આવતું હોવાથી કન્યાને પાંચ દિવસ સાસરે મોકલવી, આણાની પેટી / સૂટકેસ લગ્નના દિવસે જ આપી દેવી. પાંચમાં દિવસે સવારે વાયણાનું આણું તેડવા માટે પાંચ માણસો એ જવું. પહેરામણી પાંચ માણસોની જ કરવી રૂપિયા ૫૦/- લેખે.

## ● પુનઃ લગ્ન / સાજનું ●

ઠરાવ નં. ૧૪ : પુનઃ લગ્ન તથા સાજનામાં વરપક્ષે વધુમાં વધુ ૫૦ માણસો લઈ જવા.

ઠરાવ નં. ૧૪/૧ : નછોરવી વિધવા તથા નછોરવી છૂટાછેડા લીધેલી કન્યા સામાજિક રીત-રિવાજ પ્રમાણે લગ્ન કરી શકાશે. જેમાં પીઠી ચડી શકશે તથા ચોરીની વિધિ પણ થઈ શકશે, આ બધા વ્યવહારો સાદાઈથી કરવા. બેન્ડ, ડી.જે. વગાડવા નહીં. જો વગાડશે તો રૂપિયા ૧૧૦૦/- સામાજિક વિકાસ ફાળા તરીકે આપવાના રહેશે.

ઠરાવ નં. ૧૪/૨ : વિધુર, છૂટાછેડા/ફારગતી લીધેલ પુરૂષ પુનઃ લગ્ન કરવા ઇચ્છતી કન્યા જોડે જ લગ્ન કરી શકશે, કુંવારી કન્યા જોડે લગ્ન કરી શકશે નહીં. જો કુંવારી કન્યા સાથે લગ્ન કરશે તો રૂપિયા ૧૧૦૦૧/- (અગિયાર હજાર એક) સમાજના સામાજિક વિકાસ ફાળા તરીકે આપવાના રહેશે. તેમજ કોર્ટ મેરેજ / ફુલહાર દ્વારા કુંવારી કન્યા સાથે લગ્ન કરે તો પણ કલમ રૂા. ૧૧૦૦૧/- (અગિયાર હજાર એક) સામાજિક વિકાસ ફાળામાં આપવાના રહેશે.

ઠરાવ નં. ૧૪/૩ : પુનઃ લગ્નનો સમય : સવારે ૧૨ વાગ્યે કન્યા પક્ષને ત્યાં પહોંચી જવું તથા સાજનાનો સમય પણ ૧૨ વાગ્યા સુધીમાં પહોંચી જવું. પુનઃ લગ્ન માટે આવેલ જાનની વિદાય પાંચ વાગ્યા સુધીમાં કરી દેવી.

ઠરાવ નં. ૧૫ : પુનઃ લગ્ન / સાજના ના દાપાની વિગત :

● નછોરવી કન્યાના પુનઃ લગ્ન તથા સાજનાનું દાપું રૂપિયા ૨૦૫૨/- રાખવામાં આવેલ છે તથા હાંસડી પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

● સંતાન વાળી કન્યાના સાજનાનું દાપું રૂપિયા ૧૫૫૨/- નક્કી કરવામાં આવે છે. તથા હાંસડી પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

● મહારાજની દક્ષિણાના રૂપિયા ૫૦૦/- વરપક્ષે આપવા.

ઠરાવ નં. ૧૫/૧ : પુનઃ લગ્ન તથા બંને પ્રકારના સાજના માં કન્યાપક્ષે આણાની પેટી તેજ દિવસે આપી દેવી.

ઠરાવ નં. ૧૬ : વાયણાનું આણું તેડવા ફકત ૨ (બે) વ્યક્તિઓ જ જાય. આણું તેડવા આવેલા બે જ વ્યક્તિની પહેરામણીની કરવી, બંનેને ૫૦ - ૫૦ રૂપિયા રોકડા આપવા.

ઠરાવ નં. ૧૭ : પુનઃ લગ્ન સાજનામાં દાપા ઉપરાંત બીજી કોઈ લેવડ-દેવડ બંને પક્ષોએ કરવી નહીં અને જો કોઈ લેવડ-દેવડ કરેલી જણાશે તો લીધેલી રકમ પંચને પાછી આપવી પડે અને તે ઉપરાંત બંને પક્ષો પાસેથી અનુક્રમે ૧૧૦૦/- રૂપિયા અને ૧૧૦૦/- રૂપિયા સામાજિક વિકાસ ફાળા પેટે લેવામાં આવશે.

ઠરાવ નં. ૧૮ : પુનઃ લગ્ન તથા બંને પ્રકારના સાજનામાં મોસાળ પક્ષ તરફથી મામેરું રૂપિયા ૫૦૧/- તથા એક જોડી કપડાં જ આપવાં. મામેરાનું વળતર આપવું નહિં.

ઠરાવ નં. ૧૯ : સામાજિક વિકાસ ફાળો રૂપિયા ૫૦૦/- વરપક્ષ તરફથી લેવો તથા તેની પહોંચ તે જ સમયે વરપક્ષને આપી દેવી.

# ● સીમંત ●

ઠરાવ નં. ૨૦ : સીમંતમાં દીકરીના બાપે યથાશક્તિ પણ મર્યાદિત દાગીના આપવા તથા વધુમાં વધુ શક્ય હોય તેટલી રોકડ રકમ કે બોન્ડ આપવા. વરપક્ષે આમાં કોઇ દબાણ કરવું નહીં.

ઠરાવ નં. ૨૧ : સીમંતનો સમય સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધીનો રાખવો.

ઠરાવ નં. ૨૧/૧ : સીમંતનું મામેરું કેટલા રૂપિયાનું છે તેનો ટહુકો પાડવો નહિ પણ શ્રી કૃષ્ણાર્પણ નો જ ટહુકો પાડવો. મામેરામાં વેવાઈ વાળીના રૂપિયા ૧૦૧/- સાસુ સાડલો, જો વડ-સાસુ હોય તો વડ સાસુ સાડલો આપવો તથા વડ સસરા હયાત હોય તો રૂા. ૧૦૧/- ધોતીના કરીને આપવા. આ ઉપરાંત સગા દિયર-દેરાણી, જેઠ-જેઠાણી, સગા બેન-બનેવી નો જ વ્યવહાર સાડી - પેન્ટપીસ તરીકેનો કરવો. આ સિવાય બીજો કોઇ વ્યવહાર કરવો નહીં.

ઠરાવ નં. ૨૧/૨ : સીમંતના મામેરાના વળતર પેટે રૂા. ૧૦૦૧/- આપવા. સોના ચાંદીના દાગીના, ભેટ સોગાદ, સાડી કે જોડી કપડાં તેમજ રોકડ રકમનું વળતર આપવું નહીં.

ઠરાવ નં. ૨૧/૩ : સીમંતમાં દીકરીને આપતા જોડી કપડાં, સાડીનો વ્યવહાર બંધ કરવામાં આવે છે તેની સામે રોકડ રકમ કે બોન્ડ આપવા.

ઠરાવ નં. ૨૨ : સીમંતમાં એક જ માંડવે જમણવાર કરવો અલગથી કોઇપણ જાતની ભોજન વ્યવસ્થા કરવી નહિં. આમ છતાં આવી વ્યવસ્થા કરવામાં આવી હોય તો વ્યવસ્થા કરનાર પક્ષ પાસેથી રૂપિયા ૧૧૫૦/- દંડ લેવામાં આવશે.

ઠરાવ નં. ૨૩ : સામાજિક વિકાસ ફાળો રૂપિયા ૫૦૦/- વરપક્ષ તરફથી તથા રૂપિયા ૫૦૦/- કન્યા પક્ષ તરફથી લેવા અને તેની પહોંચ તરત જ આપી દેવી.

બ્રાહ્મણને રૂપિયા ૫૦૦/- વરપક્ષે દક્ષિણામાં આપવા.

ઠરાવ નં. ૨૪ : જો પ્રથમ પ્રસુતિ વખતે કન્યા પિયર પક્ષમાં હોય તો સંજોગોવશાત કન્યાને દવાખાનામાં લઇ જવામાં આવે, અને જો ઓપરેશન (સિઝેરિયન) કરવામાં આવે તો તેનો તમામ ખર્ચ વરપક્ષે ભોગવવાનો રહેશે.

ઠરાવ નં. ૨૪/૧ : સીમંત પછી બાળકની વધામણી લઇને આવનારને રૂપિયા ૧૦૧/- પહેરામણી કરવી અન્ય કોઇ વ્યવહાર કરવા નહીં.

ઠરાવ નં. ૨૫ : સીમંત કર્યા પછી કન્યાની પ્રથમ પ્રસૂતિ વખતે સાસરી પક્ષ તરફથી વેવાણો બાળકને રમાડવા માટે આવે તેમને દરેકને રૂપિયા ૧૦૦/- લેખે પહેરામણી કરવી.

## ● છૂટાં છેડા - ફારગતી બાબત ●

ઠરાવ નં. ૨૬ : કોઈપણ જાતના લગ્ન બાદ બંને પક્ષોમાં મતભેદ પડે તો બંને પક્ષોએ સમાધના કરવાના પ્રયત્નો કરવા. તેમ છતાં કોઈ ઉકેલ ન આવે તો જે તે વગને લેખિત અરજી કરવી. વગે કોઈપણ પક્ષાપાત કે સગાવાદ રાખ્યા સિવાય નિષ્પક્ષ ન્યાય કરી બંને પક્ષે સમાધાન કરાવવું.

ઠરાવ નં. ૨૬/૧ : વર-કન્યાના ઝગડામાં સમાજની રૂએ ઝઘડાનો નિકાલ કરવાનો આગ્રહ રાખવો. સામાજિક રીતે જ ઝઘડાનો નિકાલ કરી સમાધાન કરવું. આમ છતાં અમૂક કિસ્સાઓમાં કન્યા પક્ષ તરફથી વરપક્ષને દબાવવા સારું ખોટા કેસો કરવામાં આવે છે. ત્યારે સામાજિક પ્રક્રિયા પૂરી કર્યા બાદ જ કોર્ટનો આશરો લેવો. વગની મંજૂરી વગર કોર્ટ કેસ કરવો નહિં, આમ છતાં કોઈ કોર્ટ કેસ કરશે તો રૂપિયા ૫૦૦૦/- સામાજિક વિકાસ ફાળામાં આપવા પડશે.

ઠરાવ નં. ૨૭ : નછોરવી કન્યાના કિસ્સામાં છૂટા છેડા વખતે કન્યાનો વાંક હશે તો કન્યા પક્ષ તરફથી રૂપિયા ૨૦૦૦૦/- વરપક્ષને આપવાના રહેશે તેમજ રૂપિયા ૫૨૦૦/- સમાજના સામાજિક વિકાસ ફાળામાં આપવાનાં રહેશે.

ઠરાવ નં. ૨૭/૧ : નછોરવી કન્યાના કિસ્સામાં છૂટા છેડા વખતે જો વરપક્ષનો વાંક હશે તો વરપક્ષે રૂપિયા ૨૦૦૦૦/- કન્યા પક્ષને આપવાનાં રહેશે તેમજ રૂપિયા ૫૨૦૦/- સમાજના સામાજિક વિકાસ ફાળામાં આપવાનાં રહેશે.

ઠરાવ નં. ૨૮ : છોકરા વાળી કન્યાના કિસ્સામાં જો કન્યા પક્ષનો વાંક હશે તો કન્યા પક્ષે રૂપિયા ૨૦૦૦૦/- વરપક્ષને આપવાના રહેશે તેમજ સીમંતમાં આવેલા દાગીના પણ વરપક્ષને ત્યાં જ રહેશે. ઉપરાંત રૂપિયા ૫૨૦૦/- સમાજના સામાજિક વિકાસ ફાળામાં આપવાનાં રહેશે.

ઠરાવ નં. ૨૮/૧ : છોકરા વાળી કન્યાના કિસ્સામાં જો વર પક્ષનો વાંક હશે તો વર પક્ષે રૂપિયા ૨૦૦૦૦/- કન્યાપક્ષને આપવાના રહેશે તેમજ સીમંતમાં આવેલા દાગીના પણ કન્યાપક્ષને ત્યાં જ રહેશે. ઉપરાંત રૂપિયા ૫૨૦૦/- સમાજના સામાજિક વિકાસ ફાળામાં આપવાનાં રહેશે.

ઠરાવ નં. ૨૯ : જો ત્રીજો પક્ષ વચ્ચે પડી વધારે પૈસા અપાવશે તો લીધેલા પૈસા પાછા આપવા પડશે. અને ત્રીજા પક્ષ પાસેથી રૂા. ૫૦૦૦/- સામાજિક વિકાસ ફાળો લેવામાં આવશે.

ઠરાવ નં. ૩૦ : ભરણ-પોષણ માટેની સરકારશ્રીની ધારા ૧૨૫/ક તથા ૪૯૮ નો ખોટી રીતે દુરુપયોગ કરવો નહીં. કોર્ટ દ્વારા ખોટી સાબિત થશે તો દુરુપયોગ કરનાર પાસેથી રૂા. ૫૦૦૦/- સામાજિક વિકાસ ફાળો લેવામાં આવશે.

## મરણ - પ્રસંગ

**ઠરાવ નં. ૩૧ :** સમાજના કોઈપણ વ્યક્તિનું મરણ થાય ત્યારે મૃત્યુ તારીખથી ત્રણ કે પાંચ દિવસનું બેસણું રાખવું જેમાં રવિવાર કે મંગળવાર આવતો હોય તો તે દિવસ પણ બેસણું રાખી શકાશે.

**ઠરાવ નં. ૩૧/૧ :** બેસણામાં રોવા કૂટવાનું બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૩૨ :** બેસણામાં ચા, તમાકુ - બીડી વગેરે ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**ઠરાવ નં. ૩૨/૧ :** બેસણાને અનુરૂપ કપડાં પહેરવા તથા બેસણા નો સમય સવારના ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધીનો રાખવો.

**ઠરાવ નં. ૩૨/૨ :** નવરામણિયો મોકલવો નહિં, સાસરી પક્ષ તથા સગા સંબંધીઓને પત્ર વ્યવહાર કે ટેલિફોન દ્વારા જાણ કરવી. મૃત્યુ પછી માસીહા કે સુંવાળાના દિવસે ફકત સગી દિકરીઓને શોકના સાડલાની જગ્યાએ ૫૦/- રૂપિયા રોકડા આપવા. આ સિવાય અન્ય દિકરીઓને શોકના રૂા. ૧૦/- આપવાના રહેશે.

**ઠરાવ નં. ૩૩ :** પુરુષના મરણ વખતે સાસરી પક્ષ તરફથી અને સ્ત્રીના મરણ વખતે પિયર પક્ષ તરફથી રૂા. ૨૫૧/- કફનનાં લેવા. પોતના કપડાં પિયર પક્ષ તરફથી લાવવા જો નછોરવી કન્યા વિધવા થાય તો રૂા. ૫૦/- આપીને તેડી જવી ૧૨ માં દિવસે દિકરીને સાડી બદલાવવા લઈ જવી.

**ઠરાવ નં. ૩૩/૧ :** સમાજના કોઈપણ પુરુષના મરણ પછી તેની વિધવાને પિયર પક્ષ તરફથી ચાંદી કે સોનાની ખોલ પૂરેલ કંકણ અથવા સોનાની બંગડી સ્વેચ્છાએ આપી શકાશે.

**ઠરાવ નં. ૩૪ :** જો કદાચ મરનાર વ્યક્તિની આર્થિક પરિસ્થિતી સારી ન હોય તો બેસણામાં આવનાર વ્યક્તિએ યથાશક્તિ ફાળો આપી આર્થિક મદદ કરવી.

**ઠરાવ નં. ૩૫ :** મરણ ક્રિયા પાછળ સુવાળા સાચવવા, મરણના ૧૨ દિવસ પછી ભજન રાખવા, બારમાં કરવા, પરભા કરવો, નીલ પરણાવવો, પંચપાઠ, ગંગાપૂજન જેવી કુરૂઢીઓ સદંતર બંધ કરવામાં આવે છે. આમ છતાં જો કોઈ વ્યક્તિ આ પ્રકારના ગુના કરશે તો સમાજ જે કોઈ કાર્યવાહી કે કલમ નક્કી કરશે તે દોષિત વ્યક્તિએ માન્ય રાખવું પડશે.

# ● અન્ય કાયદા ●

ઠરાવ નં. ૩૬ : લગ્ન, પુનઃ લગ્ન, સાજનું અને સિમંત જેવા પ્રસંગોએ ભાણું કાઢવું, ભાણાની વિગતમાં પંચનો ટહુકો પાડવો અને ભાણું આવનાર મહેમાનો સમક્ષ મુકવું.

ઠરાવ નં. ૩૭ : સીમંતના પ્રસંગમાં પિયર પક્ષમાં જ બ્રાહ્મણ મોકલવો બાકીના દરેક સગા-સંબંધીને કાગળ પત્ર લખી જાણ કરવી.

ઠરાવ નં. ૩૮ : સગાઈ, લગ્ન, પુનઃ લગ્ન, સાજનું કે સિમંત જેવા માગંલિક પ્રસંગો માં જમણવાર એક જ ટાઈમ (એક જ ખર્ચ) આપવો. જમણવાર પાછળ વધારે ખર્ચ કરવો નહિ. દરેક પ્રસંગ બને ત્યાં સુધી ઊભા દિવસે જ રાખવો અને મહેમાનો ને સમયસર વિદાય આપવી.

ઠરાવ નં. ૩૯ : સરકારશ્રીના દારૂબંધીના કાયદાને માન આપી સગાઈ, લગ્ન, પુનઃ લગ્ન, સાજનું, સિમંત જેવા શુભ પ્રસંગોએ અને મરણ પાછળની પ્રક્રિયામાં પણ કેફી પીણાં, દારૂ ટિંચર, લઠ્ઠો વગેરેનું સેવન કરવું નહિં જે વ્યક્તિ આ કલમનો ભંગ કરશે તો તે વ્યક્તિ તથા લાવી આપનાર વ્યક્તિ પાસેથી અનુક્રમે રૂા. ૫૦૧/- સામાજિક વિકાસ ફાળો લેવામાં આવશે.

ઠરાવ નં. ૪૦ : બાવન પરગણા રોહિત સમાજ સિવાય અન્ય બીજા પરગણામાં સંબંધ કરતાં પહેલા જે તે સગા સાથે સ્પષ્ટતા કરી લેવી કે અમારે ત્યાં અમારા કાયદા અને બંધારણ પ્રમાણે જ વર્તવું પડશે.

ઠરાવ નં. ૪૧ : સમાજમાં કોઈ વ્યક્તિની માંદગીમાં ખબર-અંતર પૂછવા માટે ઘરેથી જમી પરવારીને જવું. બિમાર વ્યક્તિના ખાટલે યથાશક્તિ આર્થિક મદદ કરવી. ખબર લેવા આવનાર વ્યક્તિને કોઈ પહેરામણી કરવી નહીં.

ઠરાવ નં. ૪૨ : જ્યારે પંચ ભેગા થવાના હોય ત્યારે દરેક પંચ કમિટી મેમ્બર અને ગામ આગેવાને નુતરાના દિવસે ફરજિયાત હાજર રહેવું પડશે. જો કોઈ ઈસમ ગેર હાજર રહેશે તો તેઓની પાસેથી રૂા. ૨૫/- સામાજિક વિકાસ ફાળો લેવામાં આવશે. પંચ કે વગ મળે ત્યારે પોતાના ગામમાં થયેલ સામાજિક ગુનાના ગુનેગારને સાથે અવશ્ય લેતા આવવું. ગુનેગાર માટે જો જણ મોકલવા પડશે તો જણ ના ખર્ચના પૈસા જે તે ગુનેગાર પાસેથી વસૂલ કરવામાં આવશે.

ઠરાવ નં. ૪૩ : દરેક વગો એ વર્ષમાં એક વખત પોતાની વગ ફરજિયાત ભેગી કરવી અને થયેલ ગુનાની ચકાસણી કરી સામાજિક વિકાસ ફાળો વસૂલ કરી લેવો અને પોતાની વગ માં જ રાખવો. જ્યારે ૬૦ ગામના પંચો મળે ત્યારે પોતાની વગની સિલક જાહેર કરવી. જ્યારે પંચ મળે ત્યારે પંચમાં કોઈનું અપમાન થાય તેવો વ્યવહાર કે ભાષાનો ઉપયોગ કરવો નહીં.

ઠરાવ નં. ૪૪ : આપણાં પરગણા દ્વારા સમૂહ લગ્નનું આયોજન દર વર્ષે કરવું. બને ત્યાં સુધી પોતાના બાળકોના લગ્ન સમૂહ લગ્નમાં જ કરવાનો આગ્રહ રાખવો.

ઠરાવ નં. ૪૫ : સમાજના ધ્યાન પર આવેલ છે કે જ્યારે વગો કે પંચ મળે ત્યારે અમુક વગ કે ગામને બદ ઈરાદાથી આમંત્રણ ન આપીને માનહાનિ કરવામાં આવે છે. જેથી સમાજની એકતાને હાનિ પહોંચે છે આથી જ્યારે જ્યારે વગો કે પંચ મળે ત્યારે કોઈ ગામ કે વગનું આમંત્રણ કાપવું નહીં, તેમ છતાં આવું બનવા પામશે તો પરગણું ઠરાવે તે સામાજિક વિકાસ ફાળો જે તે વગ કે ગુનેગાર તરફથી લેવાનો રહેશે. આમ છતાં કોઈ વગ / ગામને આમંત્રણ આપવું / નહિં આપવું તેનો નિર્ણય વગ ઉપર છોડવામાં આવે છે.

ઉપરના તમામ ઠરાવો શ્રી બાવન પરગણા રોહિત સમાજના સર્વે ભાઇઓ / પંચોએ ઘડી મુકામે મળીને સર્વાનુમતે મંજુર કર્યા છે અને તેનો અમલ કરવા સર્વે બંધાયેલા છે. આ ઠરાવો (બંધારણ) નો જે કોઇ ભંગ કરશે તો કરનારને પંચનો પ્રભુ રુઠશે તથા ચાર જુગની હત્યા લાગશે.

---

## ● શિક્ષણ સમિતિ ●

- સમાજના શિક્ષિત વર્ગમાંથી શિક્ષણ સમિતિની રચના કરવી.
- સમાજમાંથી આવતો સામાજિક વિકાસ ફાળામાંથી સમાજના બાળકોના શિક્ષણ પાછળ ખર્ચ કરવો.
- બાવન પરગણાના બધાજ ગામોમાં સર્વે કરી વિદ્યાર્થીઓનું લિસ્ટ તૈયાર કરવું.
- વિદ્યાર્થીઓ ના પુસ્તકો, ચોપડા, નોટબુક તથા શિક્ષણ ફી ની વ્યવસ્થા સમાજના સામાજિક વિકાસ ફાળાના ભંડોળમાંથી પૂરી પાડવી.
- સમાજના પૈસે ટકે સુખી સંપન્ન વ્યક્તિઓ પાસેથી તથા સરકારશ્રીના તરફથી મળતી સેવાઓમાંથી દાન એકત્ર કરવું.
- નોકરીની પરીક્ષાઓની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે નિયમિત ટયૂશન - કલાસીસની વ્યવસ્થા કરવી જે વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તેઓની પરીક્ષા ફી, ચોપડીઓ (પરિક્ષાલક્ષી) વગેરેની વ્યવસ્થા સમિતિ એ કરવી.
- બારમાં ધોરણ, ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ ના ઉચ્ચ માર્કસે પાસ થતાં તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે સન્માન કરી પ્રોત્સાહિત કરવા.
- કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું.

# ● પંચ કમીટીના મેમ્બરો ●

| અ.નં. | નામ | ગામ |
| --- | --- | --- |
| ૧. | શ્રી દિનેશભાઇ વાલજીભાઇ પરમાર | પ્રાંતિજ |
| ૨. | શ્રી જશુભાઇ જેઠાભાઇ પરમાર | વકતાપુર |
| ૩. | શ્રી શૈલેષભાઇ પોપટભાઇ ચાવડા | તલોદ |
| ૪. | શ્રી શકરાભાઇ ધુળાભાઇ પરમાર | કલ્યાણપુરા (મઠ) |
| ૫. | શ્રી અમરતભાઇ દલાભાઇ પરમાર | ઉજેડીયા |
| ૬. | શ્રી બાબુભાઇ સોમાભાઇ ભુનોતર | બોરીયા |
| ૭. | શ્રી મુકેશભાઇ ડાહ્યાભાઇ પરમાર | વલિયમપુરા |
| ૮. | શ્રી રામાભાઇ કોદરભાઇ પરમાર | મુધાસણા |
| ૯. | શ્રી મનુભાઇ મંગળદાસ લેઉવા | મજરા |
| ૧૦. | શ્રી બાબુલાલ દેવજીભાઇ પરમાર | ઘડકણ |
| ૧૧. | શ્રી પરેશકુમાર શંકરભાઇ ચાવડા | દોલતાવાદ |
| ૧૨. | શ્રી મનિષભાઇ નટવરભાઇ પ્રિયદર્શી | તાજપુર |
| ૧૩. | શ્રી ચીમનભાઇ હીરાભાઇ પરમાર | ગોરા |
| ૧૪. | શ્રી રામાભાઇ ડાહ્યાભાઇ મેસરિયા | ઘડી |
| ૧૫. | શ્રી અમૃતભાઇ મંગળદાસ લેઉઆ | જસાજીની મુવાડી |
| ૧૬. | શ્રી કાનજીભાઇ અરખાભાઇ ચમાર | મેમદપુર |
| ૧૭. | શ્રી પુંજાભાઇ કોદરભાઇ પટેલ | લવારી |
| ૧૮. | શ્રી દાનાભાઇ કાળાભાઇ લેઉવા | પોયડા |
| ૧૯. | શ્રી બાલાભાઇ શંકરભાઇ પટેલ | બાઇની મુવાડી |
| ૨૦. | શ્રી અમરતભાઇ રામાભાઇ લેઉવા | વડવાસા |
| ૨૧. | શ્રી બાબુભાઇ કોહ્યાભાઇ મકવાણા | ઓરાણ |
| ૨૨. | શ્રી અરવિંદભાઇ કડવાભાઇ રાઠોડ | સીતવાડા-બોરીયા |
| ૨૩. | શ્રી ભીખાભાઇ માધાભાઇ વાણિયા | બોભા |
| ૨૪. | શ્રી શંકરભાઇ મીઠાભાઇ મકવાણા | ઝીંઝવા |
| ૨૫. | શ્રી મણિલાલ રેવાભાઇ પરમાર | વાઘપુર |
| ૨૬. | શ્રી રમેશભાઇ કાનજીભાઇ પરમાર | વાઘપુર |
| ૨૭. | શ્રી બાબુભાઇ કચરાભાઇ સોલંકી | મોયદ |
| ૨૮. | શ્રી ડાહ્યાભાઇ પુંજાભાઇ સોલંકી | હાજીપુર |
| ૨૯. | શ્રી બાબુભાઇ છગનભાઇ પરમાર | સોનાસણ |
| ૩૦. | શ્રી કડવાભાઇ કોહ્યાભાઇ રાઠોડ | દલપુર |
| ૩૧. | શ્રી જયંતીભાઇ કાળાભાઇ પરમાર | સાંપડ |

## શ્રી બાવન પરગણા રોહિત સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની યાદી

| અ.નં. | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧. | શ્રી બાબુભાઈ કચરાભાઈ સોલંકી | પ્રમુખશ્રી | મોયદ |
| ૨. | શ્રી નૂતનકુમાર રમણલાલ પરમાર | ઉપપ્રમુખ | રાસલોડ |
| ૩. | શ્રી બાબુભાઈ કોદરભાઈ મેસરિયા | મહામંત્રી | ઘડી |
| ૪. | શ્રી રામાભાઈ બહેચરભાઈ પરમાર | સહમંત્રી | પ્રાંતિજ |
| ૫. | શ્રી અમૃતભાઈ મંગળદાસ લેઉઆ | ખજાનચી | જસાજીની મુવાડી |
| ૬. | શ્રી બાબુલાલ દેવજીભાઈ પરમાર | ટ્રસ્ટી શ્રી | ઘડકણ |
| ૭. | શ્રી ધનજીભાઈ લવજીભાઈ પરમાર | ટ્રસ્ટી શ્રી | દલાની મુવાડી |
| ૮. | શ્રી કાન્તિભાઈ હિરાભાઈ પરમાર | ટ્રસ્ટી શ્રી | વકતાપુર |
| ૯. | શ્રી ડાહ્યાભાઈ હિરાભાઈ પરમાર | ટ્રસ્ટી શ્રી | કલ્યાણપુર (મઠ) |
| ૧૦. | શ્રી નથ્થુભાઈ પરમાભાઈ પરમાર | ટ્રસ્ટી શ્રી | લીંબલા |
| ૧૧. | શ્રી કોદરભાઈ છનાભાઈ સોલંકી | ટ્રસ્ટી શ્રી | હાજીપુર |
| ૧૨. | શ્રી જયંતીભાઈ વાલજીભાઈ પરમાર | આં. ઓડીટર | પ્રાંતિજ |

# ● પંચ ગામ આગેવાનોની યાદી ●

| અ.નં. | નામ | ગામ |
|---|---|---|
| ૧. | શ્રી દિનેશભાઇ રામાભાઇ પરમાર | પ્રાંતિજ |
| | **૨૫ ગામની વગના ગામ આગેવાનોની યાદી** | |
| ૧. | શ્રી શંકરભાઇ જેઠાભાઇ સોલંકી | મજરા |
| ૨. | શ્રી બાલાભાઇ જેઠાભાઇ મકવાણા | તાજપુર |
| ૩. | શ્રી મનુભાઇ પશાભાઇ પરમાર | સુખડ |
| ૪. | શ્રી કનુભાઇ માનાભાઇ સોલંકી | ઘડકણ |
| ૫. | શ્રી ખોડીદાસ ગાભાભાઇ પરમાર | મુઘાસણા |
| ૬. | શ્રી ગોવિંદભાઇ બબાભાઇ પરમાર | પુનાદરા |
| ૭. | શ્રી બળદેવભાઇ મોહનભાઇ પરમાર | ભાટીયા |
| ૮. | શ્રી અરવિંદભાઇ નરસિંહભાઇ ચાવડા | દોલતાબાદ |
| ૯. | શ્રી ગાભાભાઇ નાથાભાઇ પરમાર | દલાની મુવાડી |
| ૧૦. | શ્રી ગોવિંદભાઇ કચરાભાઇ પરમાર | કેશરપુર |
| ૧૨. | શ્રી ભીખાભાઇ શકરાભાઇ પરમાર | ઝાલાની મુવાડી |
| ૧૩. | શ્રી કરશનભાઇ મગનભાઇ પરમાર | રૂપાલ |
| ૧૪. | શ્રી જગદીશભાઇ રામાભાઇ પરમાર | ગોરા |
| ૧૫. | શ્રી બલાભાઇ કોહ્યાભાઇ મેસરિયા | ઘડી |
| ૧૬. | શ્રી અમૃતભાઇ શિવાભાઇ પરમાર | અમરાપુર |
| ૧૭. | શ્રી મહેશભાઇ કાન્તિભાઇ પરમાર | મેમદપુર |
| ૧૮. | શ્રી વિનુભાઇ બલાભાઇ પટેલ | અંબાવાડા |
| ૧૯. | શ્રી કાન્તિભાઇ સોમાભાઇ પટેલ | લવારી |
| ૨૦. | શ્રી તુલસીભાઇ કચરાભાઇ પરમાર | પોયડા |
| ૨૧. | શ્રી મોહનભાઇ રણછોડભાઇ પરમાર | કરમીપુરા |
| ૨૨. | શ્રી કાન્તિભાઇ સોમાભાઇ પરમાર | ભાદરોડા |
| ૨૩. | શ્રી મહેન્દ્રભાઇ શકરાભાઇ પરમાર | જશાજીની મુવાડી |
| ૨૪. | શ્રી સંજયભાઇ રમણભાઇ પરમાર | મહાદેવપુરા |
| ૨૫. | શ્રી રામાભાઇ મોતીભાઇ પરમાર | પલ્લાચર |

## ૧૩ ગામની વગ (ઉજેડીયા)ના ગામ આગેવાનોની યાદી

| અ.નં. | નામ | ગામ |
|---|---|---|
| ૧. | શ્રી મુળાભાઇ ધનાભાઇ પરમાર | ઉજેડીયા |
| ૨. | શ્રી મગનભાઇ ગણેશભાઇ પરમાર | વકતાપુર |
| ૩. | શ્રી આત્મારામભાઇ જેઠાભાઇ ચાવડા | તલોદ |
| ૪. | શ્રી પ્રવીણભાઇ ધુળાભાઇ વાણિયા | પ્રાંતિજ |
| ૫. | શ્રી કાળાભાઇ કરશનભાઇ પરમાર | કરોલ |
| ૬. | શ્રી જીવાભાઇ શનાભાઇ પરમાર | વલિયમપુરા |
| ૭. | શ્રી જશુભાઇ મોહનભાઇ પરમાર | રાયણિયા |
| ૮. | શ્રી અંબાલાલ કેશવલાલ પરમાર | કલ્યાણપુરા (મઠ) |
| ૯. | શ્રી પુંજાભાઇ કોદરભાઇ પરમાર | બોરીયા (બેચરાજી) |
| ૧૦. | શ્રી ગાંડાભાઇ બબાભાઇ પરમાર | ભાદરોડા |
| ૧૧. | શ્રી નરસિંહભાઇ રેવાભાઇ પરમાર | જોરાજીના મુવાડા |
| ૧૨. | શ્રી કાન્તિભાઇ હીરાભાઇ ચાવડા | નવાવાસ |
| ૧૩. | શ્રી બળદેવભાઇ ડાહ્યાભાઇ પરમાર | ખેરોલ |

## ૧૩ ગામની વગ (ઓરાણ)ના ગામ આગેવાનોની યાદી

| અ.નં. | નામ | ગામ |
|---|---|---|
| ૧. | શ્રી જયંતિભાઇ ગાભાભાઇ પરમાર | સીતવાડા-મોટોવાસ |
| ૨. | શ્રી મહેશભાઇ મગનભાઇ પરમાર | સીતવાડા-નાનો વાસ |
| ૩. | શ્રી અરવિંદભાઇ ગોવિંદભાઇ પરમાર | ઓરાણ |
| ૪. | શ્રી મનહરભાઇ રામજીભાઇ લેઉવા | વડવાસા |
| ૫. | શ્રી દિપકભાઇ ધનજીભાઇ પરમાર | લીંબલા |
| ૬. | શ્રી અશોકભાઇ શનાભાઇ પરમાર | રાસલોડ |
| ૭. | શ્રી બાબુભાઇ પુંજાભાઇ મકવાણા | ઝીંઝવા |
| ૮. | શ્રી મનુભાઇ માધાભાઇ સોલંકી | સલાલ |
| ૯. | શ્રી ચેતનભાઇ શકરાભાઇ પરમાર | રસુલપુર |
| ૧૦. | શ્રી વાલજીભાઇ રેવાભાઇ પરમાર | ગલતેશ્વર |
| ૧૧. | શ્રી રાજુભાઇ વિઠ્ઠલભાઇ પરમાર | વાઘપુર |
| ૧૨. | શ્રી વાલજીભાઇ કડવાભાઇ પરમાર | બોભા |
| ૧૩. | શ્રી બીપીનભાઇ મોહનભાઇ પરમાર | પ્રાંતિજ |

## ● ૧૦ ગામની વગ (મોયદ-૧૨ ગામ)ના ગામ આગેવાનોની યાદી ●

| અ.નં. | નામ | ગામ |
|---|---|---|
| ૧. | શ્રી મોહનભાઈ દલાભાઈ સોલંકી | મોયદ-રૂપાજી વાસ |
| ૨. | શ્રી બબાભાઈ કોદરભાઈ સોલંકી | મોયદ-નાથાજી વાસ |
| ૩. | શ્રી સુરેશભાઈ નાથાભાઈ પરમાર | સાંપડ |
| ૪. | શ્રી પ્રહલાદભાઈ મણિલાલ પરમાર | વાઘપુર |
| ૫. | શ્રી ભરતભાઈ અરખાભાઈ પરમાર | કમાલપુર |
| ૬. | શ્રી ધનજીભાઈ નાથાભાઈ પરમાર | સોનાસણ |
| ૭. | શ્રી કાન્તિભાઈ સોમાભાઈ રાઠોડ | દલપુર |
| ૮. | શ્રી સોમાભાઈ લખાભાઈ સોલંકી | હાજીપુર |
| ૯. | શ્રી પશાભાઈ મુળાભાઈ પરમાર | નનાનપુર |
| ૧૦. | શ્રી દેવાભાઈ મુળાભાઈ ચમાર | આમોદરા |
| ૧૧. | શ્રી દશરથભાઈ હરિભાઈ સોલંકી | પલ્લાચર |
| ૧૨. | શ્રી મહેન્દ્રભાઈ મોહનભાઈ સોલંકી | અંબાવાડા |

# ● બંધારણ કમિટી ●

| અ.નં. | નામ | ગામ |
|---|---|---|
| ૧. | શ્રી જયંતિભાઈ વાલજીભાઈ પરમાર | પ્રાંતિજ |
| ૨. | શ્રી મહેશભાઈ માધાભાઈ પરમાર | પ્રાંતિજ |
| ૩. | શ્રી દિનેશભાઈ રામાભાઈ પરમાર | પ્રાંતિજ |
| ૪. | શ્રી એમ. કે. પરમાર (Retd. Dy SP) | તાજપુર |
| ૫. | શ્રી મનસુખભાઈ ખુશાલદાસ પટેલ | મજરા |
| ૬. | શ્રી જયંતીભાઈ દાનાભાઈ પરમાર | ગોરા |
| ૭. | શ્રી જગદીશભાઈ રામાભાઈ મેસરિયા | ઘડી |
| ૮. | શ્રી બળદેવભાઈ મોહનભાઈ પરમાર | ભાટીયા |
| ૯. | શ્રી દાનાભાઈ કાળાભાઈ લેઉવા | પોયડા |
| ૧૦. | શ્રી ભીખાભાઈ માધાભાઈ વાણિયા | બોભા |
| ૧૧. | શ્રી રમેશભાઈ સોમાભાઈ રાઠોડ | સીતવાડા |
| ૧૨. | શ્રી બાબુભાઈ મુળજીભાઈ મકવાણા | ઓરાણ |
| ૧૩. | શ્રી રસિકભાઈ જેઠાભાઈ પરમાર | વકતાપુર |
| ૧૪. | શ્રી નરસિંહભાઈ રેવાભાઈ પરમાર | જોરાજીના મુવાડા |
| ૧૫. | શ્રી અમરતભાઈ દલાભાઈ પરમાર | ઉજેડીયા |
| ૧૬. | શ્રી બાલુભાઈ ખેમાભાઈ સોલંકી | હાજીપુર |
| ૧૭. | શ્રી નટુભાઈ કડવાભાઈ પરમાર | સાંપડ |
| ૧૮. | શ્રી જયંતીભાઈ વેચાતભાઈ સોલંકી | મોયદ (નાથાજી વાસ) |

બંધારણ કમિટિના માર્ગદર્શન હેઠળ ખૂબજ મહેનતથી કામ કરી
કાર્યને ઓપ આપવામાં મદદરૂપ થનાર :
શ્રી ચંદ્રકાન્ત ગોવિંદભાઈ લેઉવા
ગામ - વડવાસા
મો. ૯૯૨૫૦ ૬૭૨૬૮

## પ્રમુખશ્રીની કલમે

સમયની સાથો સાથ સમાજમાં રીત-રીવાજો માં ઘણું બધું પરિવર્તન આવી રહ્યું છે. કેટલાક જુના રિવાજ જે વાસ્તવમાં કુરિવાજ છે તેને છોડવા - તોડવાનું વલણ આપણા સમાજમાં જોવા મળી રહ્યું છે. સારા અને સામાન્ય લાગતા રિવાજમાં ક્યારેક અતિરેક આવી જાય છે ત્યારે તે રિવાજ, રિવાજ ન લાગતાં બોજા રૂપ જણાવા લાગે છે. આવા રીત-રીવાજો ને ડામવા સમાજના અગ્રણીઓએ મહત્વપૂર્ણ કાયદાઓ ઘડીને સમાજને નવી દિશાએ લઇ જવાની નેમ લીધી છે તે ખરેખર સમાજ માટે નવો અધ્યાય બની રહેશે. બદલાતા જમાનાની સાથે લોકોનો બૌદ્ધિક, સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક વિકાસ થાય તેવા પ્રયાસો થઇ રહ્યા છે.

આપણા સમાજના અગ્રણી ઘડી ગામના રહીશ શ્રી બાબુલાલ કોદરભાઇ મેસરિયા એ સમાજના વિકાસ અર્થે પોતાનું વ્યક્તિગત યોગદાન આપી સમાજ માટે એક ઉમદા ઉદાહરણ પુરું પાડયું છે. તેમના ધર્મપત્ની માણેકબેન બાબુલાલ મેસરિયા તથા શ્રી બાબુલાલ કોદરભાઇ મેસરિયા એ સમાજને રૂા. ૪,૧૧,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ અગિયાર હજાર) નું દાન કરી સમાજના વિકાસ કાર્યમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે. તથા ઘડી મુકામે નવું બંધારણ રચવા માટે સમાજને આમંત્રણ આપ્યું તે બદલ શ્રી બાવન પરગણા રોહિત સમાજ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

સમાજના દરેક વ્યક્તિ પોતાની નૈતિક જવાબદારી માની નવા બંધારણનો અમલ કરશે તેવી હું આશા રાખું છું.


॥ જય ભીમ ॥

શ્રી બાવન પરગણા રોહિત સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ

શ્રી બાબુભાઇ કચરાભાઇ સોલંકી
પ્રમુખશ્રી

|| જય રોહિદાસ ||

|| જય ભીમ ||



# સંત શિરોમણી રોહિદાસજી મહારાજ

## ● સગાઈ ●

ઠરાવ નં. ૧ : સગાઈનો સમય ૧૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધીનો રાખવો. કોઈ આકસ્મિક કારણ સિવાય સગાઈના સ્થળે સમયસર પહોંચી જવું.

ઠરાવ નં. ૧/૧ : સગાઈ કરવા વધુમાં વધુ ૨૧ માણસો લઈ જવા જે કન્યાપક્ષ અને વરપક્ષ બંને બાજુએ લાગુ પડશે. ૨૧ માણસો કરતાં વધુ માણસો હશે તો પ્રત્યેક વધારાના વ્યક્તિ દીઠ ૧૦૦/- રૂપિયા સામાજિક વિકાસ ફાળામાં લેવામાં આવશે.

ઠરાવ નં. ૧/૨ : સગાઈમાં વિંટી-અંગૂઠી આપવી કે લેવી નહીં. જો આપવામાં કે લેવામાં આવશે તો ૫૦૦૦/- રૂપિયા બંને પક્ષ પાસેથી સામાજિક વિકાસ ફાળા તરીકે લેવામાં આવશે.

કન્યા પક્ષ વાળાને ત્યાં વરપક્ષવાળા સગાઈ કરવા જાય ત્યારે કન્યા માટે ડ્રેસ, ૫૧/- રૂા. રોકડા તથા મીઠાઈનું પેકેટ વરના પિતાએ લઈ જવું. આ સિવાય વધારાનું કંઈ આપવું નહીં.

વર પક્ષ વાળાને ત્યાં કન્યા પક્ષ વાળા સગાઈ કરવા જાય ત્યારે વરને જોડી કપડાં, ૫૧/- રૂા. રોકડા તથા મીઠાઈનું પેકેટ કન્યા પક્ષે આપવું.

ઠરાવ નં. ૨ : સગાઈનો વ્યવહાર ૫૧/- રૂપિયા કન્યા પક્ષ તરફથી અને વર પક્ષ તરફથી ૬૧/- રૂપિયા આપવાથી સગાઈ પાકી ગણાશે. સગાઈનો વ્યવહાર કોઈપણ એક પક્ષે જ કરવો.

ઠરાવ નં. ૨/૧ : સગાઈ કરવા આવેલા મહેમાનોની પહેરામણી વ્યક્તિદીઠ ૨૦/- રૂપિયા કરવી, આ સિવાય બીજો કોઈ વ્યવહાર કરવો નહિં.

ઠરાવ નં. ૨/૨ : બીડી પેટી નો વ્યવહાર બંધ કરવામાં આવે છે.

ઠરાવ નં. ૩ : લગ્ન વધાવવાની પ્રક્રિયા વરપક્ષને ત્યાં જ રાખવી, લગ્નતિથિ નક્કી થયા પછી જો ફેરફાર કરવો હોય તો બંને પક્ષની મંજૂરી બાદ આ ફેરફાર કરવો.

ઠરાવ નં. ૪ : સગાઈ પાકી થયા પછી જો તૂટી જાય તો જે પક્ષ ગુનેગાર હશે તે પક્ષ પાસેથી ૫૦૦૦/- રૂપિયા દંડ લઈને જે કસૂરવાર ન હોય તેને આપવા પડશે.

ઠરાવ નં. ૪/૧ : લગ્નની તારીખ નક્કી થયા પછી છોકરો કે છોકરી ભાગી જાય કે બીજે લગ્ન કરી લે તેવા સંજોગોમાં જે પક્ષ ગુનેગાર હશે તે પક્ષ પાસેથી ૧૦૦૦૦/- રૂપિયા લઈ નિર્દોષ પક્ષને આપવા. તથા ૨૦૦૦/- રૂપિયા સમાજના સામાજિક વિકાસ ફાળા તરીકે લેવામાં આવશે.

ઠરાવ નં. ૫ : મુસાફરી પ્રથા સદતંર બંધ કરવામાં આવે છે. બંને પક્ષોના માતા-પિતા સહિત પાંચ માણસો જ દીકરા - દીકરી માટે ઘર જોવા જાય, તે સમયે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહિ.

છોકરા-છોકરીની ઉંમર શૈક્ષણિક લાયકાત એકબીજાને અનુરૂપ પસંદગીને ધ્યાનમાં લઈને જ સગપણની વાત ચલાવવી.

## ● સગાઈ ●

**ઠરાવ નં. ૧ :** સગાઈનો સમય ૧૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધીનો રાખવો. કોઈ આકસ્મિક કારણ સિવાય સગાઈના સ્થળે સમયસર પહોંચી જવું.

**ઠરાવ નં. ૧/૧ :** સગાઈ કરવા વધુમાં વધુ ૨૧ માણસો લઈ જવા જે કન્યાપક્ષ અને વરપક્ષ બંને બાજુએ લાગુ પડશે. ૨૧ માણસો કરતાં વધુ માણસો હશે તો પ્રત્યેક વધારાના વ્યક્તિ દીઠ ૧૦૦/- રૂપિયા સામાજિક વિકાસ ફાળામાં લેવામાં આવશે.

**ઠરાવ નં. ૧/૨ :** સગાઈમાં વિંટી-અંગૂઠી આપવી કે લેવી નહીં. જો આપવામાં કે લેવામાં આવશે તો ૫૦૦૦/- રૂપિયા બંને પક્ષ પાસેથી સામાજિક વિકાસ ફાળા તરીકે લેવામાં આવશે.

કન્યા પક્ષ વાળાને ત્યાં વરપક્ષવાળા સગાઈ કરવા જાય ત્યારે કન્યા માટે ડ્રેસ, ૫૧/- રૂા. રોકડા તથા મીઠાઈનું પેકેટ વરના પિતાએ લઈ જવું. આ સિવાય વધારાનું કંઈ આપવું નહીં.

વર પક્ષ વાળાને ત્યાં કન્યા પક્ષ વાળા સગાઈ કરવા જાય ત્યારે વરને જોડી કપડાં, ૫૧/- રૂા. રોકડા તથા મીઠાઈનું પેકેટ કન્યા પક્ષે આપવું.

**ઠરાવ નં. ૨ :** સગાઈનો વ્યવહાર ૫૧/- રૂપિયા કન્યા પક્ષ તરફથી અને વર પક્ષ તરફથી ૬૧/- રૂપિયા આપવાથી સગાઈ પાકી ગણાશે. સગાઈનો વ્યવહાર કોઈપણ એક પક્ષે જ કરવો.

**ઠરાવ નં. ૨/૧ :** સગાઈ કરવા આવેલા મહેમાનોની પહેરામણી વ્યક્તિદીઠ ૨૦/- રૂપિયા કરવી, આ સિવાય બીજો કોઈ વ્યવહાર કરવો નહિં.

**ઠરાવ નં. ૨/૨ :** બીડી પેટી નો વ્યવહાર બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૩ :** લગ્ન વધાવવાની પ્રક્રિયા વરપક્ષને ત્યાં જ રાખવી, લગ્નતિથિ નક્કી થયા પછી જો ફેરફાર કરવો હોય તો બંને પક્ષની મંજૂરી બાદ આ ફેરફાર કરવો.

**ઠરાવ નં. ૪ :** સગાઈ પાકી થયા પછી જો તૂટી જાય તો જે પક્ષ ગુનેગાર હશે તે પક્ષ પાસેથી ૫૦૦૦/- રૂપિયા દંડ લઈને જે કસૂરવાર ન હોય તેને આપવા પડશે.

**ઠરાવ નં. ૪/૧ :** લગ્નની તારીખ નક્કી થયા પછી છોકરો કે છોકરી ભાગી જાય કે બીજે લગ્ન કરી લે તેવા સંજોગોમાં જે પક્ષ ગુનેગાર હશે તે પક્ષ પાસેથી ૧૦૦૦૦/- રૂપિયા લઈ નિર્દોષ પક્ષને આપવા. તથા ૨૦૦૦/- રૂપિયા સમાજના સામાજિક વિકાસ ફાળા તરીકે લેવામાં આવશે.

**ઠરાવ નં. ૫ :** મુસાફરી પ્રથા સદતંર બંધ કરવામાં આવે છે. બંને પક્ષોના માતા-પિતા સહિત પાંચ માણસો જ દીકરા - દીકરી માટે ઘર જોવા જાય, તે સમયે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહિ.

છોકરા-છોકરીની ઉંમર શૈક્ષણિક લાયકાત એકબીજાને અનુરૂપ પસંદગીને ધ્યાનમાં લઈને જ સગપણની વાત ચલાવવી.

નોંધ : અણવર લગ્નના દિવસે કન્યા સાથે વરપક્ષને ત્યાં જાય અને બીજા દિવસે પરત થાય અને પાંચમાં દિવસે વરપક્ષને ત્યાં પાંચ માણસોની સાથે જાય.

ઠરાવ નં. ૧૨ : માંગલિક તેમજ શુભ પ્રસંગે બેઠકમાં મહાબો આપવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

ઠરાવ નં. ૧૨/૧ : કન્યાપક્ષ તરફથી લગ્નના વળતરમાં આપેલ વસ્તુઓ વિદાય સમયે કન્યા પક્ષની દીકરીઓ લઈને આવે તેમને બધીજ વસ્તુઓ (કાંસાનું ભાણું, તાંબાનું બેડુ, તાંબાનો લોટો, બાજઠ) ના રૂપિયા ૨૦૦/- વરપક્ષે આપવા.

ઠરાવ નં. ૧૨/૨ : લીલો માંડવો સદંતર બંધ કરવામાં આવે છે. જો સમાજને આ બાબતની જાણ થશે તો રૂપિયા ૧૧૫૧/- સામાજિક વિકાસ ફાળા તરીકે બંને પક્ષો પાસેથી લેવામાં આવશે. (૧૧૫૧/- + ૧૧૫૧/-)

ઠરાવ નં. ૧૨/૩ : લગ્નમાં બેંડવાજા, ડી.જે. વગાડવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવેલ છે. પરંતુ વરપક્ષને ત્યાં બેંડવાજા, ડી.જે. વગાડી શકાશે. કન્યા પક્ષને ત્યાં બેંડવાજા, ડી.જે. લઈ જવા કે વગાડવા નહીં આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂપિયા ૧૧૦૦/- (અગિયારસો) સામાજિક ફાળા તરીકે લેવામાં આવશે.

ઠરાવ નં. ૧૨/૪ : લગ્નમાં પ્રથમ ભાણિયા વખતે યથાશક્તિ મામેરું આપવું. મામેરાના વળતર પેટે રૂપિયા ૫૦૧/- (પાંચસો એક) આપવા આ સિવાય બીજા ભાણિયાના લગ્નમાં એક જોડી કપડાં તથા રૂપિયા ૧૦૦૧/- (એક હજાર એક) મામેરામાં આપવા. મામેરાના વળતર પેટે રૂપિયા ૨૦૧/- આપવાં. બીજા દિવસે જાન આવે છે તેમ ગણી અલગથી મામેરું લેવું નહીં. બે ભાણિયા (દીકરો-દીકરી) પરણતા હોય તો વારાફરતી જાન આવે છે અને જાય છે તો આવા પ્રસંગે પણ એક જ મામેરું આપવું.

ઠરાવ નં. ૧૨/૫ : લગ્નમાં ચોરીમાં વરપક્ષ તથા કન્યાપક્ષ તરફથી ચોરી પૂરતો અણવર એક-એક જ બેસે તે સિવાય બધાએ ચોરીની બાજુમાં શાંતિથી બેસવું ચોરીમાં કોઈએ ફૂલ છૂટા ફેકવા નહીં.

ઠરાવ નં. ૧૨/૬ : બીડી-પેટી આપવી કે લેવી નહીં.

ઠરાવ નં. ૧૩ : બને ત્યાં સુધી સમાજમાં ખર્ચાઓ ઓછા કરવા સમૂહલગ્નનો આગ્રહ રાખવો. સમૂહલગ્નોમાં મહિલાઓ નાની-મોટી દીકરીઓ ને જવાની છૂટ આપવામાં આવે છે.

ઠરાવ નં. ૧૩/૧ : લગ્ન કરેલ પુરુષ, પત્ની હયાત હોવા છતાં જો બીજી સ્ત્રી સાથે લગ્ન કરે અથવા ભાગી જાય તો જે તે ગુનેગારને ૧૧૦૦૦/- રૂપિયા સામાજિક વિકાસ ફાળામાં આપવાના રહેશે. તેવી જ રીતે જો લગ્ન કરેલ સ્ત્રી પતિ હયાત હોવા છતાં જો બીજા પુરુષ સાથે લગ્ન કરે અથવા ભાગી જાય તો ગુનેગાર સ્ત્રીના પિતાએ સમાજને ૧૧૦૦૦/- રૂપિયા સામાજિક વિકાસ ફાળામાં આપવાના રહેશે.

ઠરાવ નં. ૧૩/૨ : લગ્ન પ્રસંગે વરપક્ષે જે તે ગામમાં પોતાની દિકરીઓ હોય તેમના ભાણા ન મૂકવા પણ જમણવારમાં જ જમવા બોલાવી દેવા.